# તલોદમાં ૩ અને હિંમતનગર, ઈડરમાં ૨ ઈંચ વરસાદ

## ખેડબ્રહ્માામાં પોણા બે ઇંચ વરસાદથી ઠેરઠેર પાણી ભરાયા






હિંમતનગર, તા. ૧૮
સાબરકાંઠા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન મેઘરાજાએ હેત વરસાવીને ધરતીને તરબોળ કરવાનું ચાલુ રાખ્યુ છે. ત્યારે આ સમયગાળા દરમિયાન તલોદ પંથકમાં ૩ ઈંચ જ્યારે હિંમતનગર અને ઈડરમાં ૨ ઈંચ વરસાદ થયો છે. જોકે ખેડબ્રહ્મામાં તથા પ્રાંતિજમાં સરેરાશ થયેલા પોણા બે ઈંચ વરસાદને કારણે નીચાણળાવા વિસ્તારોમાં પાણી ભરાઈ જવા પામ્યા હતા. દરમિયાન હિંમતનગરમાં પણ બપોરના સુમારે ધીમીધારે વરસાદ ચાલુ રહેવા પામ્યો હતો.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં તલોદ તાલુકામાં અંદાજે ૭૪ મી.મી. જ્યારે ઈડરમાં ૪૯ મી.મી. અને હિંમતનગર પંથકમાં ૪૫ મી.મી.થી વધુ વરસાદ થયો છે. તો બીજી તરફ ખેડબ્રહ્મા પંથકમાં ૪૩ મી.મી., પોશીનામાં ૨૨, વડાલીમાં ૨૬ અને વિજયનગરમાં ૧૨ મી.મી. વરસાદ પડ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદ બાદ પણ નદીનાળામાં નવા નીર આવ્યા નથી તેજ પ્રમાણે જિલ્લાના મોટા જળાશયોના તળીયા પણ ઢંકાયા નથી તેમ છતા આગામી દિવસોમાં વધુ વરસાદ થવાની આશા જિલ્લાવાસીઓ રાખી રહ્યા છે.

દરમિયાન છેલ્લા કેટલાક સમયથી વરસી રહેલા સતત વરસાદને કારણે કપાસ અને મગફળીના પાકમાં ઈયળનો ઉપદ્રવ વધી ગયો છે. જેને બચાવવા માટે ખેડૂતોએ રાસાયણીક દવાનો ઉપયોગ કરી ઈયળની જીવાતને વધતી અટકાવવાના યથા યોગ્ય પ્રયાસ શરૂ કર્યા છે. જોકે મંગળવારે બપોરના સુમારે હિંમતનગર અને આસપાસના વિસ્તારોમાં સરેરાશ ૧૫ મી.મી. વરસાદ પડતા ઠેરઠેર વરસાદી પાણીનો ભરાવો થયો હતો. જેને લઈને શહેરીજનોને અવરજવર કરવામાં હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બપોર બાદ હિંમતનગર સહિત જિલ્લાના અનેક ઠેકાણે ઉઘાડ નિકળ્યો હતો. તેમ છતાં વરસાદી માહોલને લીધે માખી મચ્છરોનો ઉપદ્રવ ખુબજ વધી ગયો છે.

ડીઝાસ્ટર વિભાગના જણાવાયા મુજબ જિલ્લામાં મોસમનો સૌથી વધુ વરસાદ અત્યાર સુધીમાં તલોદ તાલુકામાં ૭૨.૬૧ ટકા અને પ્રાંતિજ તાલુકામાં ૭૨.૨૪ ટકા થયો હોવાનો દાવો કરાયો છે. સાથોસાથ ઈડરમાં ૫૪.૮૯, ખેડબ્રહ્મામાં ૬૩.૫૦, પોશીનામાં ૬૦.૦૫, વડાલીમાં ૪૮.૯૧, વિજયનગરમાં ૫૮.૯૩ જ્યારે હિંમતનગર તાલુકામાં ૫૬.૧૭ ટકા મળીને જિલ્લામાં અત્યાર સુધી મોસનો કુલ વરસાદ ૬૦.૫૯ ટકા થયો છે. જોકે હવામાન વિભાગના જણાવાયા મુજબ આગામી દિવસોમાં ભારે વરસાદની આગાહી કરાઈ છે ત્યારે વધુ વરસાદ થવાની શક્યતા નકારી શકાતી નથી.

# હિંમતનગરમાં બે અને ખેડબ્રહ્મા, પ્રાંતિજ તાલુકામાં કોરોનાના બે કેસ

હિંમતનગર, તા. ૧૮
સાબરકાંઠા જિલ્લામાં કોરોનાનો પ્રકોપ ઘટી રહ્યો છે. ત્યારે છેલ્લા ૨૪ કલાકમાં સાબરકાંઠા જિલ્લામાં કોરોના પોઝીટીવના નવા કેસની સંખ્યા ૪ થઈ છે. જે પૈકી હિંમતનગરમાં ૨ અને ખેડબ્રહ્મા તથા પ્રાંતિજ તાલુકામાં મળી બે કેસ નોંધાયા છે.

આરોગ્ય વિભાગના દાવા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં જે નવા ૪ કેસ નોંધાયા છે તેમાં હિંમતનગરની સ્નેહલ સોસાયટીમાં ૭૫ વર્ષીય મહિલા અને આદર્શ બંગ્લોઝમાં રહેતા ૪૨ વર્ષીય મહિલાને કોરોનાના લક્ષણો જણાયા હતા જેથી તેમને સારવાર માટે ખસેડાયા છે.

તેજ પ્રમાણે પ્રાંતિજમાં આવેલ રેલવે સ્ટેશન વિસ્તારની શાંતિનાથ સોસાયટીમાં રહેતા ૬૦ વર્ષીય પુરૂષ અને ખેડબ્રહ્મા તાલુકાના તાંદલીયા કંપામાં રહેતા ૨૨ વર્ષીય મહિલાનો રીપોર્ટ કોરોના પોઝીટીવ આવ્યો છે. જેથી હવે જિલ્લામાં કોરોના પોઝીટીવ કેસનો કુલ આંકડો ૫૮૨ પર પહોંચી ગયો છે.

ઉલ્લેખનીય છે કે છેલ્લા ચારેક મહિનાથી સાબરકાંઠા જિલ્લામાં કોરોના નામના રોગે દેખા દીધા બાદ તે હજુ સુધી બંધ થયો નથી. અને ક્યારે બંધ થશે તે નક્કી નથી તેમ છતા વહિવટીતંત્ર દ્વારા જિલ્લાની પ્રજાને આ સંદર્ભે વધુ જાગૃતિ રાખીને સાવચેત રહેવા અપીલ કરાઈ રહી છે. એટલુ સારૂ છે કે જિલ્લામાં હજુ સુધી નાના બાળકો આ રોગમાં સપડાયા નથી તે પાછળનું મુખ્ય કારણ શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવાનો જે નિર્ણય કરાયો છે તેનું આ પરીણામ છે.

## મોડાસા શહેરી વિસ્તારમાં વિનામૂલ્યે રોપા વિતરણ

રેન્જ ફોરેસ્ટ ઓફીસરશ્રીની કચેરી વિસ્તરણ રેન્જ મોડાસા દ્વારા મોડાસા શહેરી વિસ્તારમાં તરૂરથ દ્વારા વિનામૂલ્યે રોપા વિતરણ કરવામાં આવેલ જેમાં એસ.બી. ચૌધરી રેન્જ ફોરેસ્ટ ઓફીસર તથા તેઓના સ્ટાફ દ્વારા વિવિધ જાતના અને કોરના મહામારીનો પગલે આયુર્વેદિક જેવા કે અરડુસી, કુંવરપાઠુ, પર્ણકુટી, નગોળ, તુલસી, ગળો વગેરે રોપા વિતરણ કરવામાં આવેલ અને સાથે સાથે સુશોભિત તેમજ પર્યાવરણને અનુરૂપ વૃક્ષો સહિત ગ્રીન ગુજરાત કલીન ગુજરાતના ઉદેશ્ય દ્વારા મોડાસાને હરીયાળું શહેર બનાવવામાં આવશે.

# થરા ખાતે જુગાર રમતા ત્રણ આચાર્ય સહિત છ પકડાયા

ડીસા, તા. ૧૮
કોરોના મહામારી અને શ્રાવણ માસમાં તીનપત્તિ બેફામ બનતાં દરરોજ જુગારીઓ ઝડપાઈ રહ્યા છે. જોકે બનાસકાંઠામાં શિક્ષણનું ઘડતર કરનારા ૩ શિક્ષકો જુગાર રમતાં આબાદ ઝડપાતાં ખળભળાટ મચી ગયો છે. ગત દિવસોએ થરા પોલીસે બાતમી આધારે ઈન્દ્રમાણા ગામની સીમમાં રેડ કરતાં ૬ લોકો જુગાર રમતાં આબાદ ઝડપાયા હતા. જોકે તેમાં ૩ એચ ટાટ આચાર્ય હોવાનું ખુલતાં શૈક્ષણિક આલમમાં હડકંપ મચી ગયો છે.

બનાસકાંઠા જીલ્લાના થરા તાલુકાના ઈન્દ્રમાણા ગામની સીમમાં જુગાર બાબતે રેડ કરી હતી. ગત ૧૧ ઓગસ્ટના રોજ પોલીસે કરેલી રેડમાં જગદીશભાઈ શંકરભાઈ જોષી,રહે-થરા મીરાંબિકા, ગોપાલભાઈ જેઠાભાઈ જોષી રહે. હનુમાનપુરા તા. રાધનપુર, કુલદીપભાઈ પ્રહલાદભાઈ ઠક્કર, પ્રફુલભાઈ બળદેવભાઈ જોષી,રહે-તાણા તા. કાંકરેજ, જીગરભાઈ પ્રભુભાઈ જોષી,રહે-ઈન્દ્રમણા તા. કાંકરેજ અને હસમુખભાઈ કરશનભાઈ જોષી,રહે-તાણા આબાદ ઝડપાયા હતા. પોલીસે દાવ પરના રોકડ રૂ.૧૯,૩૬૫, ૬ આરોપીઓની અંગઝડતીમાંથી રૂ.૫૩,૮૦૦ મળી કુલ રોકડ રકમ ૭૩,૧૬૫, વાહનો મો.સા.નંગ-૧ કિ.રૂ.૨૫,૦૦૦ અને મોબાઈલ નંગ -૭ કી.રૂ.૪૦,૫૦૦ મળી કુલ રૂ.૧,૩૮,૬૬૫નો મુદામાલ ઝડપી પાડ્યો હતો.

માહિતી અનુસાર રેડમાં ઝડપાયેલા ૬ ઈસમો પૈકી ૩ એચ ટાટ આચાર્ય તરીકે ફરજ બજાવે છે. જેમાં કુલદીપભાઈ પ્રહલાદભાઈ, તક્ષશિલા સોસાયટી, રહે.તાણાવાળા ડુંગરાસણ પ્રા.શાળામાં એચ.ટાટ આચાર્ય તરીકે ફરજ નિભાવે છે. પ્રફુલભાઈ બળદેવભાઈ, ભાગવત સોસાયટી, રહે. તાણાવાળા પણ બલોચપુર પ્રા.શાળામાં એચ.ટાટ આચાર્ય છે. ઉપરાંત ગોપાલભાઈ જેઠાલાલ, શાંતિનગર સોસાયટી, રહે. તાણાવાળા ભદ્રેવાડી પ્રાથમિક શાળામાં એચ.ટાટ.આચાર્ય તરીકે ફરજ બજાવે છે. આમ સમાજને સાચો રાહ બતાવનાર અને બાળકોનું જીવનઘડતર કરનારા આ શિક્ષકો જ જુગાર રમતા આબાદ ઝડપાઈ જતા પંથકમાં ચકચાર મચી જવા પામ્યો છે. ત્યારે તાલુકા-જિલ્લાનું શિક્ષણતંત્ર આ શિક્ષકો સામે કેવા આકરા પગલાં ભરશે તે જોવુ રહ્યુ.

# ટીંટોઈ નજીક ટ્રકે બાઈકને અડફેટે લેતા શામળાજીના પોસ્ટકર્મીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત

મોડાસા, તા. ૧૮
અરવલ્લી જીલ્લામાં ચોમાસાની ઋતુમાં અકસ્માતની ઘટનાઓમાં દર વર્ષે નોંધપાત્ર વધારો થતો હોય છે. મોડાસા-શામળાજી હાઈવે પર ટીંટોઈ નજીક ટ્રકે બાઈકને ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો જેમાં શામળાજી પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા કર્મચારીનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. પોલીસકર્મી ઈજાગ્રસ્ત થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો. અકસ્માતની ઘટનાના પગલે દોડી આવેલ મોડાસા રૂરલ પોલીસે મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા-શામળાજી હાઈવે પર પડેલા ખાડાઓનુ લીધે અકસ્માતની ઘટના બની હોવાનું લોકોએ આક્રોશપૂર્વક જણાવ્યું હતું.

અરવલ્લી જીલ્લાના માર્ગો પરથી પસાર થતા ભારવાહક વાહન ચાલકો અને ખાનગી પેસેન્જર ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી વાહનચાલકો અને રાહદારીઓને અડફેટે લેતા નિર્દોષ વાહનચાલકોએ જીવ ગુમાવવાનો વારો આવે છે. મોડાસાના બોલુન્દ્રા ગામના અને શામળાજી પોસ્ટ ઓફિસમાં ફરજ બજાવતા પ્રહલાદભાઈ વાળંદ સવારે શામળાજી નોકરી બાઈક પર જવા નીકળ્યા હતા. ઘરથી માંડ પાંચ કિલોમીટર દૂર શામળાજી-ગોધરા હાઈવે પર ટીંટોઈ નજીક બાઈકને ટ્રકે ધડાકાભેર ટક્કર મારતા બાઈક સવાર પ્રહલાદ ભાઈ અને બાઈક પર રહેલ શામળાજી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતો પોલીસકર્મી રોડ પર પટકાતા પ્રહલાદ ભાઈના માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. પોલીસકર્મી ઈજાગ્રસ્ત થતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ સારવાર અર્થે દવાખાને ખસેડી દીધો હતો અકસ્માતની ઘટનાના પગલે મૃતક પ્રહલાદભાઈના પરિવારજનો અને સગા-સબંધીઓ પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં



ભારે ગમગીની છવાઈ હતી. મોડાસા રૂરલ પોલીસ અકસ્માત સ્થળે પહોંચી મૃતકની લાશને પીએમ માટે મોડાસા સરકારી દવાખાને ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



## ડીસા ગોપાળેશ્વર મહાદેવ મંદિરે હવન

પવિત્ર શ્રાવણ માસમાં શિવ મંદિરો ભાવિકોથી ઉભરાઈ રહ્યા છે. ત્યારે ડીસાના રેલવે સ્ટેશન વિસ્તારના વિશ્વકર્મા નગરમાં આવેલ ગોપાળેશ્વર મહાદેવના મંદિરે શ્રાવણ માસ નિમિત્તે પંચાલ સમાજ દ્વારા હવન કરવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભાઈ-બહેનોએ મહાદેવના દર્શન તેમજ હવનમાં આહુતિ આપી ધન્યતા અનુભવી હતી.

## હિંમતનગર મંદબુદ્ધિના બાળકોની સંસ્થામાં ધ્વજવંદન તથા ગરીબ તથા અનાથ બાળકોના પરિવારને કરિયાણાની કીટનું વિતરણ

હિંમતનગર, તા. ૧૮
સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થા, મોતીપુરા, હિંમતનગર ૧૫મી ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિન નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમ ઉજવવામાં આવ્યો જેમાં સંસ્થાના મદદનીશ શિક્ષક જયંતિભાઈ સોલંકીના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. હાલ કોરોના મહામારીના ખરાબ સમયે બાળકો હાલ પોતાના ઘરે છે. જેથી સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મંદબુદ્ધિના બાળકોની સંસ્થા દ્વારા પ્રમુખ નાનુભાઈ પટેલના વરદહસ્તે જરૂરિયાત ગરીબ તથા અનાથ બાળકોના કુટુંબને કરીયાણાની કીટો તથા બાળકોના કપડા તથા દવાના ખર્ચ પેટે ચેકો આપવામાં આવ્યા. જેથી સાબરકાંઠા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા એક માનદસેવા દાખવી છે.

# અરવલ્લીમાં સૌપ્રથમવાર જોવા મળ્યો બ્લેક હેડેડ રોયલ સ્નેક નામનો સાપ

### રણપ્રદેશમાં જોવા મળતા સાપથી વનવિભાગ, જીવદયા પ્રેમીઓમાં કુતુહલ

મોડાસા, તા. ૧૮
રણવિસ્તાર અને ઝાડી-ઝાંખરા વિસ્તારોમાં જોવા મળતો અને રજવાડી સાપનું ઉપનામ ધરાવતો બ્લેક હેડેડ રોયલ સ્નેક નામનો સાપ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના કાબોલા ગામ પાસે આવેલી ફેક્ટરી નજીક રહેલા ઝાડ પર ચઢતો જોવા મળતા લોકોમાં ભય સાથે કુતુહુલ સર્જાયું હતું. આ અંગેની જાણ દયા ફાઉન્ડેશનના સદસ્યોને થતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને વનવિભાગ તંત્ર સાથે મળી સફળ રેસ્કયુ ઓપરેશન કરી સાપને ઝડપી પાડવામાં આવ્યો હતો. જીલ્લામાં સૌપ્રથમવાર જોવા મળેલ રજવાડી સાપને જીલ્લા એસીએફ મિતેષ પટેલને સોંપી દીધો હતો સાપની આ પ્રજાતિ બિનઝેરી હોવાનું જણાવ્યું હતું.




અરવલ્લી જીલ્લાની ગિરિમાળાઓ અને જંગલમાં અનેક પ્રકારના વન્યજીવ અને સરીસૃપ પ્રાણીઓ મળી આવતા હોય છે. વરસાદી માહોલમાં અજગર અને સાપ મોટા પ્રમાણમાં જોવા મળતા હોય છે ત્યારે મોડાસા તાલુકાના કાબોલા ગામ નજીક બ્લેક હેડેડ રોયલ સ્નેક નામનો સાપ જોવા મળતા લોકોમાં ભારે અચરજ ફેલાયું હતું. સૌપ્રથમવાર રાખોડી કલરના સાપને જોઈ લોકોમાં ભય ફેલાયો હતો. આ અંગે જાગૃત નાગરિકોએ દયા ફાઉન્ડેશનનો સંપર્ક કરતા દયા ફાઉન્ડેશન અને વનવિભાગના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને બ્લેક હેડેડ રોયલ સ્નેક સાપ હોવાની જાણ થતા સાપને ઝાડ પરથી રેસ્ક્યુ કરી ઉતારી લઈ જીલ્લા વનવિભાગ તંત્રને સુપ્રત કર્યો હતો.

જીલ્લા વનવિભાગના એસીએફ મીતેશ પટેલના જણાવ્યા અનુસાર બ્લેક હેડેડ રોયલ સ્નેક રણ વિસ્તારમાં જોવા મળતો હોય છે અને અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં સૌ પ્રથમવાર રજવાડી સાપ જોવા મળ્યો હોવાનું જણાવ્યું હતું અને આ સાપની લંબાઈ ૭ થી ૮ ફૂટ હોય છે અને બિનઝેરી હોવાથી લોકોને કોઈ ખતરો રહેતો નથી કાબોલા નજીકથી મળી આવેલ બ્લેક હેડેડ રોયલ સ્નેકની લંબાઈ માપતા ૪.૮ ઈંચ હોવાનું જણાવ્યું હતું.

### ધાનેરા વિસ્તારની રેલ નદીમાં અચાનક પાણી આવતા

# વીજ થાંભલાઓ તેમજ વીજ ડીપી પાણીમાં તણાઈ જતાં વીજ પુરવઠો ખોરવાયો

ગઈકાલે ધાનેરા ની નદી માં અચાનક પાણી આવી જતા પાણીને લઈ કેટલાક ખેતરો પણ ધોવાઈ જવા પામ્યા હતા ખેતરોની સાથે-સાથે વૃક્ષો અને વીજ થાંભલા પણ ધરાશાયી થયા હતા ત્યારે ધાનેરાના કેટલાક ગ્રામીણ વિસ્તાર તેમજ શહેરી વિસ્તારમાં પણ વીજ પુરવઠો ખોરવાયો હતો તો બીજી તરફ ધાનેરા વીજ કંપની ના સંજયભાઈ પટેલ સહિતની ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી હતી જેમ બને તેમ વહેલી તકે વીજ પુરવઠો ચાલુ થાય તે માટેની તકેદારી રાખવામાં આવી છે તો કેટલાક વિસ્તારમાં પાણી ઓસરી ગયો હતો ત્યાં વીજ થાંભલાઓ તેમજ વીજ લાઈન જોડી દેવામાં આવ્યા છે અને હજુ સુધી પણ કેટલાક વિસ્તારમાં પાણી ભરાયેલું છે તેનું કામ બાકી છે અને તે પણ તાત્કાલિક ધોરણે તે કામ પૂર્ણ થાય તેવી ગીત કંપનીના સંજયભાઈ પટેલ દ્વારા મીડિયા સમક્ષ જણાવ્યું છે ત્યારે હવે રેલ નદીમાં અચાનક આવેલા પાણીને વીજ કંપનીને કેટલું નુકસાન કર્યું તે સાંભળો વીજ કંપનીના અધિકારી શ્રી સંજયભાઈ ના મોઢે જ..





મોડાસા શહેરની પાંડુરંગ સોસાયટીમાં રહેતા પ્રજ્ઞેશભાઈ શર્માની પુત્રી પાવકી શર્માએ કોરોના મહામારીથી બચવા શ્રાવણ માસમાં ભગવાન શિવની પૂજા-અર્ચના કરવા માટે ઘરે જ માટીનું શિવલીંગ બનાવ્યું હતુ. શ્રાવણ માસના છેલ્લા સોમવારે પાવકીએ ત્રિરંગા રંગનું બરફનું શિવલીંગ બનાવી શ્રાવણ માસના છેલ્લા સોમવારે પૂજા-અર્ચના કરી હતી.

# અરવલ્લીમાં એચએસસી (વિ.પ્ર.) માટે ગુજકેટની પરીક્ષા, ૨૪મીએ

### ગુજકેટની પરીક્ષા ૧૨૦ બ્લોકમાં ૨૪૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે

મોડાસા, તા. ૧૮
ગુજરાત માધ્યમિક અને ઉ.મા. બોર્ડ શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) પરીક્ષા-૨૦૨૦ તા.૨૪-૮-૨૦૨૦ ના રોજ સવારે ૯.૩૦ કલાકથી બપોરના ૪.૩૦ કલાકે મોડાસાની વિવિધ સ્કૂલોના ૧૨૦ બ્લોકમાં યોજાશે.

એચએસસી (વિ.પ્ર.) ગુજકેટ પરીક્ષા મોડાસાની શ્રી. કે. એન. શાહ હાઈસ્કુલમાં ૨૪૦ વિદ્યાર્થીઓ, સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કુલ યુનિટ-૧માં ૨૦૦ વિદ્યાર્થીઓ, સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કુલ યુનિટ-૨ ૨૦૦ વિદ્યાર્થીઓ, એચ.એલ. પટેલ સરસ્તી વિદ્યાલયમાં-૨૪૦ વિદ્યાર્થી જે.બી. શાહ. ઈંગ્લીશ મડીયમ હાઈસ્કુલ ૨૪૦ પ્રાર્થના વિદ્યાલય., મદાપુર કંપા, મોડાસા યુનિટ-૧માં ૨૪૦ વિદ્યાર્થીઓ, પ્રાર્થના વિદ્યાલય મદાપુર કંપા-૨૪૦ વિદ્યાર્થીઓ, જીનિયસ ઈસ્યુટીટમાં ૨૦૦ વિદ્યાર્થીઓ, બ્રાઈટ જુનિયર સાયન્સ, કોલેજ ખાતે ૨૦૦ વિદ્યાર્થીઓ બ્રાઈટ જુનિયર સાયન્સ કોલેજ-૨૦૦ વિદ્યાર્થીઓ, ચાણકય વિશ્વ વિદ્યાલય મોડાસા ખાતે ૨૦૦ વિદ્યાર્થીઓ, બી. કનાઈ હાઈસ્કુલ સબલપુર ૨૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે.

આમ મોડાસા ખાતે વિવિધ સ્કુલોમાં ૧૨૦ બ્લોકમાં ૨૪૦૦ વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે એમ અરવલ્લી, જિલ્લા શિક્ષણાધિકારીએ એક અખબારી યાદી દ્વારા જણાવ્યું છે.